આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૯ | ૨૧ ઓગસ્ટ, ૨૦૧૪, ગુરૂવાર; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કર્મ સફળતાની ગેરંટી નથી પણ તે સફળતાની તકો ઘણી વધારી આપે છે
- ડો. હોમી ભાભા

# પક્ષાંતર કરનારા સામે કોંગ્રેસની ફરિયાદ

## કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાનાર જિલ્લા પંચાયતના ૯ સભ્યો સામે ફરિયાદ : ૨૭મીએ સુનાવણી : પક્ષાંતર ધારાની કલમ-૩નો ભંગ કર્યો હોઈ આ નવ સભ્યોને ગેરલાયક ઠેરવવા અરજીમાં માંગ કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસમાંથી બળવો કરી ગયેલા નવ સભ્યો સામે પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ નામ નિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં રજુ કરી છે અને તેની સુનાવણી ૨૭મી ઓગષ્ટના રોજ હાથ ધરવામાં આવનાર છે.

આજે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠકમાં પણ પક્ષાંતર કરી ગયેલા ૯ સભ્યો સામે પક્ષાંતર ગણી તેમને ગેરલાયક ગણવામાં આવે તેવો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો છે.

કોંગ્રેસ પક્ષ વતી કારોબારી સમિતિના ચેરમેનશ્રી રામાજી ઠાકોરે નામ નિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં પક્ષાંતર ધારા ૧૯૮૬ની કલમ-૩ અન્વયે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ નવસભ્યોને સક્ષમ અધિકારી દ્વારા નોટીસની બજવણી કરી દેવામાં આવી છે અને ૨૭મીએ તેમને જવાબ રજુ કરવા જણાવાયું છે.

સક્ષમ અધિકારી સમક્ષ પક્ષાંતર ધારા અન્વયે પગલાં લેવાની માંગણી કરતાં અરજદારે અખબારોમાં છપાયેલા અહેવાલોને આધાર બનાવી આ સભ્યો સામે પગલાં લેવા અરજ કરી છે. તેમણે પક્ષાંતર ધારાની કલમ-૩નો ભંગ કર્યો હોવાનું પણ આ અરજીમાં જણાવી તેમને સભ્યપદેથી ગેરલાયક ઠેરવવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પક્ષાંતર કરી ગયેલા સભ્યોને મનાવવામાં નિષ્ફળ ગયેલી જિલ્લા કોંગ્રેસની નેતાગીરીએ આ સભ્યો સામે પક્ષાંતર ધારાની કલમ અન્વયે કામગીરી કરવાનો નિર્ણય લઈ અત્યંત ચૂપકીદીપૂર્વક કેસ દાખલ કરી દીધો હતો. બીજી તરફ આજે જિલ્લા પંચાયતની કારોબારીસમિતિમાં પણ પક્ષાંતર ધારાનો ભંગ કર્યો હોઈ આ સભ્યો સામે પગલાં લેવાની માંગ કરતો પણ પ્રસ્તાવ પસાર કર્યો હતો.

જિલ્લા કોંગ્રેસમાં પ્રવર્તતી જૂથબંધી હજુ વધુ તીવ્રતાથી આગામી દિવસોમાં બહાર આવશે તેવું મનાઈ રહ્યું છે.

કોંગ્રેસની નેતાગીરીએ પક્ષાંતર ધારા ભંગની કરેલી ફરિયાદને પગલે આગામી ૩૦મીએ મળનારી પંચાયતની સામાન્યસભા વધુ રસપ્રદ બને તેવી સંભાવનાઓ છે.

પક્ષાંતર બાદ પંચાયતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. બંને પક્ષો દ્વારા આક્રમક રાજનીતિનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. આજે કોંગ્રેસના આગેવાનોએ પણ પોતાની વ્યુહરચના અંગે મૌન સેવ્યુ છે.

જોકે હવે સૌ રાજકીય નિરીક્ષકોની નજર પંચાયતના બદલાતા રાજકારણ પર મીટ મંડાયેલી છે.

## NEWS બિટ્સ

### ૨૦૧૯ સુધીમાં દરેક ગામને બ્રોડ બેન્ડથી જોડવામાં આવશે

ભારતના ૬૮મા સ્વાતંત્ર્યના દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ



કિલ્લા પરથી 'ડીઝીટલ ઈન્ડિયા' ની જાહેરાત કરી હતી. આજે કેન્દ્રની કેબીનેટે આ પ્રોજેકટ માટે ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણીને મંજુરી આપી દીધી હતી જેના દ્વારા દેશના દરેક ગામને ૨૦૧૯ સુધીમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકટીવીટીથી જોડવાનો લક્ષ્યાંક રખાયો છે.

### સસ્તામાં ફોન ખરીદીને ઈન્ટરનેટ પર મોંઘા ભાવે વેચો

ઝીયોમી નામની મોબાઈલ કંપનીનો નવો ફોન લોકો



બજારમાંથી સસ્તા ભાવે ખરીદી ઈન્ટરનેટ પર મોંઘા ભાવે વેચી રહ્યા છે. કંપનીના સુત્રોએ સ્વીકાર્યું હતું કે માત્ર ૨.૩ સેકન્ડમાં ઈન્ટરનેટ પર ૨૦,૦૦૦ ફોનનું વેચાણ થઈ ગયું હતું. આ ફોનનું કંપનીએ ૨૩ જુલાઈએ પહેલુ વેચાણ કર્યું હતું.

## ફતેપુરામાંથી મૃત હાલતમાં મળેલા યુવાનનું કોઝ ઓફ ડેથ પેન્ડીંગ

### વિશેરાના સેમ્પલ લઈ એફએસએલ મોકલી અપાયા : કેમિકલથી મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સે. ૧૫ પાસે સ્થિત ફતેપુરા ગામની સીમમાંથી ગઈકાલે દારૂ પીધા બાદ શંકાસ્પદ હાલતમાં બે વ્યક્તિઓ મળી આવ્યા હતા. જે પૈકી એક મૃત હાલતમાં તો બીજો બેભાન હાલતમાં હતો. લઠ્ઠાકાંડની આશંકાથી પોલીસતંત્ર પણ દોડતુ થઈ ગયું હતું. જેને પગલે મૃતકનું પોસ્ટમોર્ટમ પેનલ ડૉક્ટરથી કરવાનો નિર્ણય લઈ એફએસએલ બોલાવી લેવામાં આવી હતી. જ્યારે બેભાન યુવાનની સારવાર શરૂ કરવામાં આવી હતી.

આજે બેભાન યુવાનની તબિયતમાં સુધારો જણાતા પોલીસે તેનું નિવેદન લીધુ હતું. તો બીજી તરફ મૃત્યુ પામેલા યુવાનનું પોસ્ટ મોર્ટમ કરાવી વિશેરાના સેમ્પલ એફએસએલમાં મોકલી આપ્યા છે. વિશેરાનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી તબીબોએ પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં કોઝ ઓફ ડેથ પેન્ડીંગ રાખ્યો છે. જો કે પ્રાથમિક તપાસમાં યુવાનનું મૃત્યુ કેમિકલથી થયું હોવાનું પણ જાણવા મળે છે.



ગણપતિ બાપા મોરિયા - ગણેશ ચતુર્થીના આગમનના પગલે બજારમાં આજકાલ ગણપતિ બાપા છવાયા છે... લોકમાન્ય તિલકે ભારતીય સમાજમાં સાંસ્કૃતિક ચેતના પ્રસરાવવાના હેતુસર ગણેશ ઉત્સવને લોકોત્સવ બનાવ્યો અને ૨૦૦ વર્ષ સુધી આ પરંપરા આજે પણ જળવાતી રહી છે... ગુજરાત અને મહારાષ્ટ્ર નગરે-નગરે અને ગામે-ગામ ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાય છે... ગણપતિ બાપાની મૂર્તિઓ તૈયાર કરવાના આખરી દિવસોમાં કારીગરો રાત-દિવસ એક કરી રહ્યા છે... વિવિધ પ્રકારની મૂર્તિઓ અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં સાતસો પરિવારો વિવિધ પ્રકારની મનમોહક મૂર્તિઓ ઘડે છે... રંગબેરંગી અને વિવિધ મુદ્રામાં બાપાની મુર્તિઓ પુનઃ ગુજરાતમાં ભક્તિનો રંગ લાવશે. (તસવીર : કશ્યપ નિમાવત)



લીંબુનું સામ્રાજ્ય - ગુજરાતી થાળીમાં લીંબુનું સામ્રાજ્ય છે... દાળ-શાક લીંબુ વિના ફીકા લાગે, સ્વાદ વિહિન લાગે... નાનકડા લીંબુનું ટીપું પણ સ્વાદને બદલી નાખે છે... અને એટલે જ કહેવાય છે કે, ગુજરાતી થાળીમાં લીંબુનો મહિમા મોટો છે... લીંબુનું પાણી આગતા-સ્વાગતા માટે પણ ગુજરાતી પરિવારોમાં મહત્વનું સ્થાન ધરાવે છે... માંદગીના બિછાને લીંબુના પાણીથી શક્તિવર્ધક તરીકે ઉપયોગ થાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લામાં ૩૦મીથી જ્ઞાન સપ્તાહ

## જિલ્લામાં મોનીટરીંગ માટે ૩૨ ટીમો રચાશે : સ્વચ્છતા, સમૃધ્ધિ, સ્વયં શિક્ષણ, સમઉલ્લાસ, શિક્ષક સન્માનના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના શિક્ષણ વિભાગે ૩૦ ઓગસ્ટથી ૫ સપ્ટેમ્બર દરમિયાન 'જ્ઞાન સપ્તાહ' ના અનોખા સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે. જેને પગલે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા તેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

૩૦ અને ૩૧ ઓગસ્ટ દરમ્યાન ગ્રામ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવશે. જેમાં શાળાના બાળકો, સ્થાનિક આગેવાનો, પંચાયતના સભ્યોને સાંકળી આ સ્વચ્છતા અભિયાન ચલાવાશે.

૧ લી સપ્ટેમ્બરે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ગામના શૈક્ષણિક સંકુલોની સ્વચ્છતાનું કામ હાથ ધરવામાં આવશે. જ્યારે ૨ જી સપ્ટેમ્બરે માળખાકીય સુવિધાઓ માટેનું એક અભિયાન યોજવામાં આવશે.

૩જી સપ્ટેમ્બરે જિલ્લાની તમામ શાળાઓમાં સ્વયં શિક્ષણ દિવસની ઉજવણી થશે. જે દિવસે સમગ્ર શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ પોતે કરશે.

૪થી સપ્ટેમ્બરના રોજ પ્રભાતફેરી તેમજ દેશભક્તિના ગીતોની સ્પર્ધા, વૃક્ષારોપણ જેવા

● અનુસંધાન પાન-૭ પર

## પેટા ચૂંટણી માટે સંભવીત ઉમેદવારોના નામોની પેનલ સાથે કોંગ્રેસ નેતાગીરી દિલ્હી ભણી

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણી માટે સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી લઈને પ્રદેશ કોંગ્રેસ નેતાગીરી આજે દિલ્હી જશે.

ગુજરાતની એક લોકસભા અને વિધાનસભાની નવ બેઠકો ખાલી પડતાં આ બેઠકોની પેટા ચૂંટણીઓ જાહેર થવા પામી છે. આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ પેટા ચૂંટણીઓ યોજાશે.

આ પેટા ચૂંટણીઓ માટે ગઈકાલે પ્રદેશ કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી હતી. જેમાં સંભવીત ઉમેદવારોના નામો અંગે ચર્ચા કરીને ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવી હતી.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંભવીત ઉમેદવારોના નામોની પેનલ યાદી લઈને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયા, વિપક્ષના નેતા શંકરસિંહ દિલ્હી જશે અને મોવડી મંડળને પેનલ યાદી સુપરત કરશે.

પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ મોવડીમંડળ સંભવીત ઉમેદવારોના નામો અંગે પ્રદેશ આગેવાનો સાથે ચર્ચા કરીને આખરી ઉમેદવારોના નામોની પસંદગી કરશે અને આગામી એક સપ્તાહમાં આખરી ઉમેદવારોના નામોની પસંદગી કરીને દિલ્હીથી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ગુજરાત કોંગ્રેસ દ્વારા યુવા કાર્યકરોની યુ-આર્મીની રચના

## રાજ્યમાં યુવાનોના થઈ રહેલા શોષણની સામે યુ-આર્મી લડત આપશે : શંકરસિંહ વાઘેલા તથા અર્જુન મોઢવાડીયા

અમદાવાદ, તા.૨૦

દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા યુ-આર્મીની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભાના કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, સિદ્ધાર્થ ફટેલ, જગદીશ ઠાકોર, હિંમતસિંહ પટેલ, શૈલેષ પરમાર, સીજે ચાવડા, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, યુથ કોંગ્રેસના પ્રમુખ માનસિંહ ડોડીયા, આદિત્યસિંહ ગોહિલ અને આઈટીસેલના ચેરમેન રોહન ગુપ્તા તેમજ સમગ્ર ગુજરાતમાંથી આવેલા યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ, આઈટી સેલના હોદ્દેદારો તેમજ કાર્યકરોની ઉફસ્થિતિમાં યુ-આર્મીની સ્થાપના કરવામાં આવી હતી.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા યુ-આર્મીના કો-ઓર્ડીનેટર તરીકે હિંમતસિંહ પટેલ, શૈલેષ પરમાર, સી.જે. ચાવડા અને કન્વીનર તરીકે ઈન્દ્રવિજયસિંહ ગોહિલની નિમણુંક કરવામાં આવી છે. યુ-આર્મીની સંકલન સમિતિના સભ્યો તરીકે ઉમાકાંત માકડ, શાહનવાઝ શેખ, ગુલાબસિંહ રાજપુત, માનસિંહ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
ગાંધીનગર સ્થિત પ્રતિષ્ઠિત શેર બ્રોકીંગ કંપનીને
DEALER/RM/
Telly Caller
આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ મળશે
સંપર્ક : ૯૯૯૮૦૪૦૯૦૧
Emial : ASHITRSHAH@yahoo.com




Sleek
THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen



Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740